# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-11-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **રાજ્યના અરવલ્લી, સાબરકાંઠા સહિત અનેક જગ્યાએ એક ખાનગી નાણાંકિય કંપનીની ઓફિસો સહીત ઇલેક્ટ્રિક દુકાનો પર ગાંધીનગર CID ક્રાઈમની વ્યાપક તપાસ.**
2) **રાજ્યના ખેડૂતોને ડીએપી ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો મળી રહે તે માટે કેન્દ્ર સરકાર કટિબદ્ધ.**
3) **નાગરિકોની ફરિયાદ નિવારણ માટેના સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ દ્વારા આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લોકોની ફરિયાદો સાંભળશે.**
4) **રાજ્યના નાણાંમંત્રી કનુ દેસાઈ વલસાડમાં ત્રણ દિવસ દરમિયાન વિવધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજશે.**
5) **અમદાવાદ મંડળના કલોલ-કડી-કટોસણ વચ્ચે ગેજ કન્વર્ઝનના કામને કારણે ટ્રેન વ્યવહાર પર અસર. - 4 ટ્રેન આજના દિવસ માટે રદ**
6) **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની બહેનોએ પશ્ચિમ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

---

## CID Crime Tapas

ગાંધીનગર CID ગુના શાખાએ અરવલ્લી, સાબરકાંઠા સહીતના સ્થળોએ રોકાણકારો સાથે છેતરપીંડીના કેસોમાં એક ખાનગી નાણાંકીય કંપનીના કાર્યાલય સહીત ઇલેક્ટ્રિક દુકાનો પર તપાસ હાથ ધરી હતી.

એક ખાનગી કંપનીના સીઈઓ અને અન્ય લોકોએ રોકાણકારો સાથે એક સુવ્યવસ્થિત ષડયંત્ર હેઠળ ગુજરાત તથા રાજસ્થાનમાં વિવિધ શહેરોમાં ઉંચા વળતર આપવાની જાહેરાત કરી કંપનીની અલગ અલગ શાખાઓ મારફતે કરોડોના નાણા ઉધરાવી છેતરપિંડી આચરી હતી.

જે આધારે સી.આઇ.ડી.ક્રાઇમ દ્વારા રણાસણ, હિંમતનગર, વિજાપુર, મોડાસા, ગાંધીનગર, વડોદરા અને માલપુર ખાતે 7 પોલીસ ઇન્સ્પેકટર તથા 50 પોલીસ જવાનોના સ્ટાફ સાથે દરોડા પાડી કોમ્પ્યુટર, લેપટોપ, કેશ વાઉચર, રોકાણકારો સાથે કરેલ કરારની નકલો સહિતનું સાહિત્ય કબજે કરી તપાસ હાથ ધરી છે.

........................................................................................................

## KUTIR UDYOG POLICY

રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં કુટીર-ગ્રામોદ્યોગ ક્ષેત્રે અંદાજે 8 લાખ 75 હજાર જેટલી નવી રોજગારીનું સર્જન થયું હોવાનું કુટીર ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે કહ્યું હતું. આ રોજગારી સર્જન આગામી સમયમાં 12 લાખ સુધી પહોંચાડવાનું લક્ષ્યાંક હોવાનું પણ મંત્રીએ ઉમેર્યું હતું. ગાંધીનગર ખાતેથી કુટીર ઉદ્યોગ મંત્રીએ ‘નવી કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૨૪’ની જાહેરાત કરી હતી.

આ નવી નીતિની જાહેરાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, કારીગરો પોતાની પ્રોડક્ટ્સનું એક જ જગ્યાએથી વેચાણ કરી શકે તે માટે સુરતની જેમ આગામી સમયમાં રાજકોટ અને વડોદરામાં પણ 'યુનિટી મોલ' શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત પણ મંત્રી બલંવતસિંહ રાજપૂતે કરી હતી.

(ઓડિયો - બલવંતસિંહ રાજપૂત- કુટીર ઉદ્યોગ મંત્રી)

.................................................................................................................

## CENTRE FERTILIZER

કેન્દ્ર સરકાર ડાય એમોનિયમ ફૉસ્ફેટ- DAP ખાતરની ઉપલબ્ધતા જાળવી રાખવા માટે શક્ય તમામ પગલા ઉઠાવી રહી છે. રસાયણ અને ખાતર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર રાજ્યો, રેલવે અને ખાતર કંપનીઓ સાથે સંકલન જાળવી રહી છે.

વૈશ્વિક પડકારો વચ્ચે ઑક્ટોબર-નવેમ્બરમાં 17 લાખ ટનથી વધુ આયાતિ DAP રાજ્યોને ઉપલબ્ધ કરાવાયું હતું. ઉપરાંત સ્થાનિક ઉત્પાદનના માધ્યમથી અંદાજે સાડા 6 લાખ ટન ખાતર રાજ્યોને ઉપલબ્ધ કરાવાયું છે.

ગુજરાત સહિતનવ દેશભરના ખેડૂતો માટે રવિ પાક માટે અત્યાર સુધી 34 લાખ 81 હજાર મેટ્રિક ટન D.A.P. અને 55 લાખ મેટ્રિક ટનથી વધુ નાઈટ્રોજન, ફૉસ્ફરસ, પૉટેશિયમ અને સલ્ફર ખાતર પૂરું પાડવામાં આવ્યું છે.

મંત્રાલયના મતે, ભૌગોલિક રાજકીય કારણોસર DAPના પૂરવઠાને અસર થાય છે. રાજ્યોની ખાતરની માગ પૂર્ણ કરવા માટે દેશ આયાતિ DAP ખાતર પર નિર્ભર છે.

.................................................................................................................

## CM ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આજે બપોરે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આજે બપોરે  રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આજે સવારે 8થી 11 કલાક સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

……………………………………………………………………………………………………

## Kanu Desai Valsad

રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઈ આજે  વલસાડ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા આજે સવારે તેઓ ઔરંગા નદી પર પુલ, શાક માર્કેટના બાંધકામ સહિત વલસાડ નગરપાલિકાના વિવિધ કામોના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ આવતીકાલે વાપી જીઆઈડીસી ખાતે ઓડીટોરિયમનું ખાતમુહૂર્ત કરશે અને પરિયા શાળા ખાતે બીઆરસી કક્ષાના વિજ્ઞાન મેળામાં ઉપસ્થિત રહેશે.

30મી તારીખે ચલા અને છીરી ખાતે સબ સ્ટેશનનું ભૂમિ પૂજન સબ સ્ટેશનનું ભૂમિ પૂજન કરશે. આગામી પહેલી ડિસેમ્બરે તેઓ દેગામમાં મનોવિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત કંપાઉન્ડ વોલના ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહેશે.

……………………………………………………………………………………………………

## MID BREAK NEWS REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..................................................................................................................

## TRAIN DELYED

અમદાવાદ મંડળના કલોલ-કડી-કટોસણ વચ્ચે ગેજ કન્વર્ઝનના કામને કારણે ટ્રેન વ્યવહાર પર અસર થઇ છે. કન્વર્ઝનના કામ માટેના બ્લોકને કારણે, કેટલીક ટ્રેનો રદ, આંશિક રીતે રદ અને ડાયવર્ટ કરવામાં આવી છે.

જેમાં આજે સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ, સાબરમતી-મહેસાણા-આબુ રોડ ડેમુ, ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમુ, વરેઠા-ગાંધીનગર કેપિટલ મેમુ, સાબરમતી-પાટણ ડેમુ સહિતની 7 ટ્રેનો રદ કરાઇ છે. જ્યારે જોધપુર સાબરમતી એક્સપ્રેસ સહિતની 4 ટ્રેન આંશિક રીતે રદ કરાઇ છે. આ ઉપરાંત યોગનગરી ઋષિકેશ - અમદાવાદ યોગા એક્સપ્રેસ સહિતની આઠ ટ્રેનના માર્ગ પરિવર્તિત કરાયા છે.

..................................................................................................................

## WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યભરમાં તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થવાની શક્યતા નહીવત હોવાનું જણાવ્યું છે.

હવામાન ખાતાના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા મુજબ બેથી ત્રણ દિવસ બાદ તાપમાનમાં ઘટાડો થશે અને ઠંડીનો અનુભવ થવાની સંભાવના પણ વ્યક્ત કરી હતી.

(ઓડિયો : અભિમન્યુ ચૌહાણ)

.......................................................................................................................

## HOME GUARD SPORTS EVENT

હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના જવાનો માટે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના રમતોત્સવનું આયોજન કરાયું છે. સાંઈ સ્પોર્ટ્સ ઓથોરિટી ગ્રાઉન્ડ ખાતે રમત ગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવી આજે  આ રમતોત્સવનું ઉદઘાટન કરશે. ગુજરાતના હોમગાર્ડઝ તેમજ નાગરિક સંરક્ષણ દળના જવાનો માટે એક નવતર વિચાર સાથે રાજ્યકક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રમતોત્સવમાં પુરુષ તથા મહિલા કેટેગરીમાં 100 મીટર, 200 મીટર, 400 મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક અને રસ્સા ખેંચ જેવી રમતોનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત પુરુષ કેટેગરીમાં કબ્બડી, વોલી બોલ અને મહિલા કેટેગરીમાં ખો-ખોની રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

.......................................................................................................................

## Patan West zone Inter Uni. compitition

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ બહેનો માટેની પશ્ચિમ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ સ્પર્ધા 2024માં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

પાટણ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં 44 ટીમો એ ભાગ લીધો હતો. જેમાંથી ટોચની અંતિમ 4 ટીમો વચ્ચે લીગ મેચ રમાઈ હતી. જેમાં પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ પ્રથમ, સોલપુરની યુનિવર્સિટીએ બીજો અને ગુજરાત યુનિવર્સિટીએ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, આ સ્પર્ધામાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાત રાજ્યની મહિલા ખેલાડીઓએ ભાગ લઇ તેમના કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

.......................................................................................................................

# Godhra Yoga Parisanvad

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પંચમહાલ જિલ્લાના ગોધરામાં સ્નેહ મિલન કાર્યક્રમ અંતર્ગત યોગ-પ્રાકૃતિક આહાર અંગે માર્ગદર્શક પરિસંવાદ યોજાયો હતો.

યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલે લોકોને યોગાસનના ફાયદાઓ અંગે માહિતગાર કર્યા હતા. તેમણે જિલ્લામાં યોગ સાથે વિવિધ કક્ષાએ જોડાયેલા તમામ કોર્ડીનેટર તથા યોગકોચે અભિવાદન કરી પ્રોત્સાહિત કર્યા હતા.

.......................................................................................................................

# Bhuj Haripar fyring

ભુજ તાલુકાના હરિપર ખાતે ફિલ્ડ ફાઇરિંગ રેન્જ વિસ્તારમાં આજે આર્મ્સ ફાઇરિંગ પ્રેક્ટિસ યોજાશે. જેથી આ વિસ્તારમાં નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આમ છતાં કોઈ વ્યક્તિ આ રેન્જમાં પ્રવેશ કરશે કે તેમના ઢોર ઢાંખરને પ્રવેશવા દેશે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરાશે તેમ સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટ ભુજની યાદીમાં જણાવાયું છે.

## DANGS BHULKA MELO

ડાંગ જિલ્લાના કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરીયમ હોલ વઘઈ ખાતે જિલ્લા કક્ષાનો ભૂલકાં મેળો યોજાશે. બાળકના સર્વાંગી વિકાસ માટે સગર્ભાવસ્થાથી શરૂ કરી બાળપણના મહત્વના શરૂઆતના 6 વર્ષ દરમિયાન બાળકોને પૂરક પોષણ આહાર, આરોગ્ય, પોષણ, શિક્ષણ તથા 3થી 6 વર્ષના બાળકોને પૂર્વપ્રાથમિક શિક્ષણ કેટલું જરૂરી છે તે અંગે વાલીઓમાં સમજ કેળવવા માટે આયોજન કરાયું છે. બાળકોના સુષુપ્ત શક્તિઓને ખિલવવા માટે તથા વાલીઓમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે જાગૃત કરવા ભૂલકાં મેળાનું આયોજન કરાયું છે.